પ્રેસનોટ

તા-૧૪.૦૨.૨૦૨૬

આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન-એ શાળા ક્રમાંક ૬૮-૬૯-૭૧ ની ખાતમુહૂર્ત વિધિ, લિંબાયત ઝોન વિસ્તાર માં TP – 40 ફાઇનલ પ્લોટ નંબર 137 માં નવી શાળાની ખાતમુહૂર્ત વિધિ, રાંદેર ઝોનમાં શાળા ક્રમાંક ૧૦૫-૧૪૯ નું લોકાર્પણ,શાળા ક્રમાંક ૧૬૧-૧૬૬ ની ખાત મુહૂર્ત વિધિ તથા TP – ૪૪ ફાઇનલ પ્લોટ નંબર ૫૪ માં નવી શાળાની ખાતમુહૂર્ત વિધિ, મળી કુલ -૪ પ્રાથમિક શાળા ની ખાતમુહૂર્ત વિધિ અને કુલ-૧ પ્રાથમિક શાળાની લોકાર્પણ વિધિ મળી કુલ ૫ શાળા ભવનોના નિર્માણ માટે ગુજરાત સરકારશ્રીના સમગ્ર શિક્ષા વિભાગના સહયોગ થી અંદાજે રૂપિયા ૨૭ કરોડના ખર્ચે નવા શાળા ભવનોના લોકાર્પણ-ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી. જેના થકી અંદાજે ૭૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને લાભ મળશે. ગુજરાત સરકારશ્રી ના સમગ્ર શિક્ષા વિભાગ દ્વારા આજદિન સુધી ૨૫૦ કરોડથી વધુના ખર્ચે સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે ૬૦ થી વધુ શાળા ભવનો મંજૂર કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમમાં માન.ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી.સંગીતાબેન પાટીલ,માન. ડે.મેયરશ્રી ડૉ.નરેન્દ્રભાઈ પાટીલ, માન. નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, ,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી માન. રાજેન્દ્રભાઈ કાપડિયા, ગટર સમિતિના અધ્યક્ષ શ્રી કેયુરભાઈ ચપટવાળા, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ , શાળાનાં વિદ્યાર્થીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારી,કર્મચારીઓ તથા અન્ય મહાનુભવો મળી બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં તા. ૫૭૯ ,તા. ૧૪/૦૨/૨૦૨૬







